244-1000-6-2005 02\Forms\Admission-3.p22

**ફોર્મ ફી રૂ. ૨૫-૦૦**

પ્રવેશ આપ્યો/પ્રવેશ નથી આપ્યો

ચીફ વૉર્ડન

# ગુજરાત યુનિવર્સિટીના લેડીઝ હૉસ્ટેલમાં પ્રવેશ માટેનું નિયત અરજીપત્રક

**ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૯.**

તાજેતરનો ફોટો
ભવનના સહી-સિક્કા સાથે

પ્રતિશ્રી,
ચીફ વૉર્ડન,
લેડીઝ હૉસ્ટેલ,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

શ્રીમાન,

હું, બહેનો માટેની હૉસ્ટેલમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરું છું આથી હું જાહેર કરું છું કે મારા હૉસ્ટેલ પ્રવેશ અંગેના આધારભૂત પ્રમાણપત્રો સાચા છે. પ્રમાણપત્રો ખોટા હશે તો પ્રવેશ આપોઆપ રદ થશે તે હું સ્વીકારું છું. મને આ હૉસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે તો હાલના તેમજ સમયાનુસાર રેકટરશ્રી/યુનિવર્સિટી દ્વારા બદલાતાં હૉસ્ટેલના નિયમોનું ચુસ્ત પાલન કરવા હું બંધાયેલી છું તેની આ સાથે લેખિત ખાતરી આપું છું.

આ સાથે ગુજરાત યુનિવર્સિટીના જે ભવનમાં મેં પ્રવેશ મેળવ્યો છે. તેની ચાલુ સત્રની ફી ભરેલ રસીદ અને છેલ્લી પરીક્ષાના ગુણપત્રકની નકલ સામેલ કરું છું. હૉસ્ટેલના વસવાટ દરમ્યાન હું હૉસ્ટેલના કોઈપણ નિયમોનું પાલન કરવા નિષ્ફળ જાઉં તો આપશ્રી મારો હૉસ્ટેલનો પ્રવેશ રદ કરી શકશો અને મારી ડિપોઝિટની આંશિક કે પૂરીપૂરી રકમ પણ જપ્ત કરી શકશો. મને રહેવા માટે નિશ્ચિત જે રૂમ આપવામાં આવશે તે નિયત સમયમાં ખાલી કરી દઈશ. આ સમય દરમ્યાન હું કોઈપણ જગ્યાએ નોકરી કરતી નથી, પગાર મેળવતી નથી, તેની હું બાંહેધરી આપું છું અને મારી સાથે કોઈપણ જાતની કોર્ટ કાર્યવાહી ચાલતી નથી કે પોલીસ કેસ થયેલ નથી. મેં હૉસ્ટેલના નિયમો સારી રીતે વાંચ્યા છે. તમામ નિયમો હું સમજી વિચારીને સ્વીકારું છું.

વિષયાધ્યક્ષની સહી અને ભલામણ          જામીનની સહી          વિદ્યાર્થિનીની સહી

વિદ્યાર્થિનીનું નામ

(૧) નામ સરનામું : ..........................................................................................

સહી-સિક્કા          (૨) નામ સરનામું : ..........................................................................................

વિદ્યાર્થિનીનું નામ : ..................................................................................................................................

છેલ્લી પરીક્ષાના કુલ ગુણ : .......................................... મેળવેલ ગુણ .................................. ટકાવારી ..................................

અનુસૂચિત જાતિ/જનજાતિ/અન્ય પછાત વર્ગ : ............................................................... વિષય/ભાગ ૧/૨ ..................................

## ફક્ત કાર્યાલયના ઉપયોગ માટે

હૉસ્ટેલ ફી અને ડિપાઝિટનો રસીદ ક્રમાંક : .....................          તારીખ : ..................................

બ્લોક : .....................          તારીખ : ..................................

રૂમ નં. .....................          વૉર્ડન

૨૪૪(૨)

(૧) અટક : ..........................................................................................................................................................

નામ : ..........................................................................................................................................................

પિતાનું નામ : ..........................................................................................................................................................

સ્થાયી સરનામું ટેલિફોન નંબર સાથે : ..........................................................................................................................................................

..........................................................................................................................................................

(૨) પરિણીત/અપરિણીત : .................................................. જન્મતારીખ : ..........................................................................

(૩) જાતિ પ્રમાણપત્ર : ..........................................................................................................................................................

(૪) વિભાગ : ..........................................................................................................................................................

વિષય : ........................................................................................ ભાગ ૧-૨ ..........................................................................

(૫) આ પહેલા ક્યારેય હૉસ્ટેલમાં પ્રવેશ લીધો હતો ? હા/ના

જો હા તો વર્ષ : ............................................. બ્લોક નંબર અને રૂમ નંબર ..........................................................................

(૬) સ્થાનિક વાલીનું સરનામું (ટેલિફોન નંબર સાથે) : ..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..................................................
સ્થાનિક વાલીની સહી

..................................................
વિદ્યાર્થિનીની સહી

તારીખ : ..................... ૨૦૦ .

**હોસ્ટેલના જનરલ નિયમો તથા છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ માટેના માર્ગદર્શનની માહિતી.**

(૧) જે વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે તેણે તરત જ હૉસ્ટેલની ફી દિવસ ત્રણમાં ભરી દેવાની રહેશે. તેમ નહી કરનારનો પ્રવેશ તાત્કાલિક અસરથી આપોઆપ રદ ગણાશે.

**સત્ર દીઠ ફી**

| | | |
|---|---|---|
| હૉસ્ટેલ ડિપોઝિટ | : | રૂ. ૧૦૦૦-૦૦ (આ વર્ષ માટે) |
| છાત્રાલયની સત્ર ફી | : | રૂ. ૧૫૦-૦૦ (એક સત્ર માટે) ડબલ સીટેડ |
| છાત્રાલયની સત્ર ફી | : | રૂ. ૨૦૦-૦૦ (એક સત્ર માટે) સિંગલ સીટેડ |
| પંખાનું ભાડું | : | રૂ. ૨૫-૦૦ (એક સત્ર માટે) ડબલ સીટેડ |
| પંખાનું ભાડું | : | રૂ. ૩૫-૦૦ (એક સત્ર માટે) સિંગલ સીટેડ |
| ટયુબલાઈટ ભાડું | : | રૂ. ૨૫-૦૦ (એક વર્ષ માટે) |
| ટેલિવિઝન ભાડું | : | રૂ. ૨૫-૦૦ (એક વર્ષ માટે) |
| વીજળીનો ખર્ચ | : | રૂ. ૧૫૦-૦૦ (એક સત્ર માટે) ડબલ સીટેડ |
| વીજળીનો ખર્ચ | : | રૂ. ૨૦૦-૦૦ (એક સત્ર માટે) સિંગલ સીટેડ |
| પોટ શેર | : | રૂ. ૨૦-૦૦ (એક વર્ષ માટે) |
| છાપાનું લવાજમ | : | રૂ. ૧૫-૦૦ (એક સત્ર માટે) |
| કૉમ્પ્યુટર રાખવાનો ચાર્જ | : | રૂ. ૫૦૦-૦૦ (એક વર્ષ માટે) |

કામચલાઉ ભાડું ડબલ સીટેડ રૂમ માટે રૂ. ૨૫/- સિંગલ સીટેડ રૂમ માટે રૂ. ૩૫/- તથા કોમન હોલનું ભાડું રૂ. ૧૫/- એક દિવસનું ભાડુ રહેશે.

(૨) વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને પ્રવેશ મેળવ્યા બાદ પંદર દિવસોમાં પ્રવેશ રદ કરાવે તો ડબલ સીટેડ રૂમના ભાડામાંથી ઉચ્ચક રૂ. ૫૦/- તથા સિંગલ સીટેડ રૂમના ભાડામાંથી ઉચ્ચક રૂ. ૭૦/- કાપીને ભાડું પરત કરવામાં આવશે. ત્યારબાદ પ્રવેશ રદ કરવામાં આવશે તો ડિપોઝિટ સિવાયનો કોઈપણ ચાર્જ પરત કરવામાં આવશે નહીં.

(૩) બહારગામનો જે વિદ્યાર્થી/વિદ્યાર્થિની યુનિવર્સિટી કૅમ્પસમાં આવેલ ભવનોમાં અભ્યાસ કરતા હશે. તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને જ હૉસ્ટેલમાં પ્રવેશપાત્ર ગણાશે. તે પણ ગુણવત્તાના ધોરણે તથા અનામત નિયમોને આધીન. આમ છતાં અગાઉ હૉસ્ટેલમાં રહ્યા હોય અને તે દરમ્યાન જો તેનું વર્તન વાંધાજનક હોય તો ગુણવત્તાના ધોરણે પ્રવેશને પાત્ર હોવા છતાં તેનો પ્રવેશ ચીફ વૉર્ડનશ્રી અટકાવી શકશે. હૉસ્ટેલમાં રહેનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીની જ્યાં અભ્યાસ કરતાં હોય તેમણે વર્ગમાં નિયમિત હાજર રહેવું પડશે. વર્ગ ચાલતા હોય તે દરમ્યાન વિદ્યાર્થી/વિદ્યાર્થિની વૉર્ડનશ્રીને જાણ કર્યા વગર તેમજ તેમની મંજૂરી મેળવ્યા વગર રૂમ પર વખતોવખત હાજર રહેલ માલૂમ પડશે તો તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનો પ્રવેશ તાત્કાલિક રદ કરવામાં આવશે. જો જગ્યા ખાલી હશે તો બહારના પી.જી. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને પ્રવેશ આપવામાં આવશે.

(૪) બીજા સત્રમાં હૉસ્ટેલમાં પ્રવેશ ભવનના પ્રથમ સત્રના હાજરીના આધારે આપવામાં આવશે.

(૫) નોકરી કરતા અથવા અન્ય કોઈ ધંધાકીય પ્રવૃત્તિમાં સંકળાયેલા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને છાત્રાલયમાં પ્રવેશ મળશે નહીં. વિદ્યાર્થી/વિદ્યાર્થિનીએ પ્રવેશ મેળવ્યા બાદ કયાંય નોકરી મળે તો તાત્કાલિક ચીફ વોર્ડનશ્રીને જાણ કરીને પોતાનો પ્રવેશ રદ કરાવવો. જો કોઈ વિદ્યાર્થી/વિદ્યાર્થિની સંસ્થાને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરશે તો તેનો પ્રવેશ રદ કરવામાં આવશે.

(૬) વિદ્યાર્થી/વિદ્યાર્થિની વેકેશન દરમ્યાન છાત્રાલયમાં રહી શકશે નહીં. જો કોઈ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને અભ્યાસ કાર્ય માટે રહેવાનું થાય તો આ અંગે અગાઉથી ચીફ વોર્ડનશ્રીની પરવાનગી લેવી જરૂરી છે. વાર્ષિક પરીક્ષા પત્યા પછી વિદ્યાર્થી/વિદ્યાર્થિનીએ રૂમ બે દિવસમાં પરત કરવાનો રહેશે. જો વિદ્યાર્થી/વિદ્યાર્થિની મોડો રૂમ જમા કરાવશે તો જેટલા દિવસ મોડું થયું હશે તેટલા દિવસનું કામચલાઉ ભાડુ તેની ડિપોઝિટની રકમમાંથી કાપીને ડિપોઝિટ પરત કરવામાં આવશે.

(૭) યુનિવર્સિટી ધ્વારા યોજાતા કાર્યક્રમ જેવા કે સેમિનાર, કૉન્ફરન્સ, રમતગમત વિગેરે અથવા યુનિવર્સિટીના વિભાગોના નેજા હેઠળ યોજાતા કાર્યક્રમ વખતે કોઈ ઈમરજન્સી સમયે અથવા મકાનની મરામત કરાવવાનું થાય ત્યારે વિદ્યાર્થીને બીજાના રૂમમાં રહીને અનુકૂળ થવું પડશે. શક્ય હોય તો રૂમ ખાલી પણ કરવો પડશે. તે દરમ્યાન વિદ્યાર્થીઓએ જાતે સગવડ કરવાની રહેશે. ટૂંકમાં યુનિવર્સિટી આકસ્મિક સંજોગોમાં જ્યારે જ્યારે જરૂરિયાત જણાય ત્યારે વિદ્યાર્થી પાસેથી રૂમનો કબજો કોઈપણ જાતનું કારણ જણાવ્યા વગર લઈ શકશે.

(૮) જયારે વિદ્યાર્થી/વિદ્યાર્થિની રૂમ બહાર જાય ત્યારે પંખો, ટ્યૂબલાઈટ, બંધ કરવાનું અવશ્ય રાખવું. વીજળીના અન્ય ઉપકરણો વાપરવા પર પ્રતિબંધ છે. વિદ્યાર્થી/વિદ્યાર્થિની ગેરહાજરીમાં પંખો, ટયૂબલાઈટ ચાલુ હોય તો તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને રૂ. ૨૫/-નો દંડ કરવામાં આવશે. વીજળીના અન્ય ઉપકરણો વાપરવા જરૂર જણાય તો ચીફ વૉર્ડનશ્રી તેનો યોગ્ય ચાર્જ જણાવે તે આપ્યા બાદ વાપરી શકાય.

(૯) વિદ્યાર્થી/વિદ્યાર્થિનીએ પાણી અને વીજળીનો ધ્યાનપૂર્વક ઉપયોગ કરવો. બગાડ કરવો નહીં. હોસ્ટેલની ચલ અને અચલ સંપતિને સાફસૂફ તથા વ્યવસ્થિત રાખવાની જવાબદારી વિદ્યાર્થી/વિદ્યાર્થિનીની રહેશે. નકામા કાગળો કે કચરો છાત્રાલયના મકાનની અગાશીમાં, દાદરમાં કે છાત્રાલયના પરીસરમાં ન નાખવા, પાન-ગુટખાની પિચકારી મારી દિવાલ ખરાબ ન કરવી. જે વિદ્યાર્થી આવું કરતા પકડાશે તો તે દંડને પાત્ર ગણાશે.

(૧૦) વિદ્યાર્થી/વિદ્યાર્થિની ચલ કે અચલ સંપતિનું કોઈપણ રીતે નુકસાન કરશે તો તેની કિંમત તે વિદ્યાર્થી/વિદ્યાર્થિની પાસેથી તે જ સમયે દંડ સહિત વસૂલ કરવામાં આવશે.

(૧૧) કોઈપણ જાહેર પ્રવૃત્તિ અથવા સભા હોસ્ટેલમાં પરવાનગી વગર કરવી નહીં. રાજકીય પ્રવૃત્તિ પર સખત પ્રતિબંધ છે. તેમ કરનાર કે તેમાં ભાગ લેનારનો પ્રવેશ તાત્કાલિક કોઈપણ જાતનું કારણ દર્શાવ્યા વગર રદ કરવામાં આવશે.

(૧૨) હોસ્ટેલમાં બીજા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને હેરાનગતિ કે નડતરરૂપ થાય તેવું વર્તન કરવું નહીં. જેમ કે મોટા અવાજે ગાવું, રેડિયો, ટેપરેકોર્ડર, ટી.વી. વિડીયો અથવા કોઈપણ મ્યુઝિકલ સાધન વગાડવું. તેમ કરવા પર પ્રતિબંધ છે. તેમ છતાં જાણવામાં આવશે તો તરત જ જપ્ત કરવામાં આવશે તથા દંડ પણ વસૂલ કરવામાં આવશે.

(૧૩) જે વિદ્યાર્થી/વિદ્યાર્થિની રૂમનો કબજો લે તથા જ્યારે રૂમ છોડીને જાય ત્યારે વોર્ડનશ્રીને જાણ અવશ્ય કરવી. સત્રમાં હાજર રહેવાનું ન હોય તો વોર્ડનશ્રીને અગાઉથી જાણ કરવી અન્યથા દંડને પાત્ર ગણાશે.

(૧૪) રાત્રે રૂમ પર મહેમાન વોર્ડનશ્રીની પરવાનગી વગર રાખી શકાશે નહી. દિવસ કે રાત્રિ દરમ્યાન બોઈઝ હોસ્ટેલમાં સ્ત્રી મહેમાન રાખી શકાશે નહીં અને લેડીઝ હોસ્ટેલમાં પુરુષ મહેમાન રાખી શકાશે નહીં.

(૧૫) કોઈ વિદ્યાર્થી/વિદ્યાર્થિની વધારે પડતો બિમાર થાય તો વોર્ડનશ્રીને તાત્કાલિક જાણ કરવી.

(૧૬) રૂમ ફાળવવા તથા પાર્ટનર નક્કી કરવાની સંપૂર્ણ સત્તા હોસ્ટેલના અધિકારીશ્રીની રહેશે. વિદ્યાર્થી/વિદ્યાર્થિની જાતે રૂમ કે રૂમ પાર્ટનર બદલી શકશે નહીં. જો બદલશે તો દંડને પાત્ર રહેશે. જો વિદ્યાર્થી/વિદ્યાર્થિની બીજાના નામે પ્રવેશ લેશે તો તેની ડિપોઝિટ જપ્ત થઈ જશે તથા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને રૂમમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

(૧૭) વિદ્યાર્થી/વિદ્યાર્થિની એ જાતે જ પોતાના સામાનનું ધ્યાન રાખવાનું રહેશે. રૂમને મોટું અને મજબુત તાળું લગાડવાનું રહેશે. હોસ્ટેલના વિદ્યાર્થીઓના સામાનની કોઈ જવાબદારી યુનિવર્સિટી લેશે નહીં.

(૧૮) કોઈ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને તકલીફ પડતી હોય તો પ્રથમ વોર્ડનશ્રીને જાણ કરવી.

(૧૯) વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને વૉર્ડનશ્રીના જણાવ્યા અનુસાર ભોજનાલયનું બિલ ભરવાનું રહેશે. તેમ કરવામાં સફળ નહીં થાય તો ચીફ વૉર્ડનશ્રી દ્વારા પગલાં લેવામાં આવશે. હૉસ્ટેલ તથા ભોજનાલયના અનામત ભંડોળ વિદ્યાર્થી/વિદ્યાર્થિની જ્યારે રૂમ ખાલી કરીને જમા કરાવે ત્યારબાદ જ મળશે. જો તેમ નહીં કરે તો ભવનના ડાયરેકરશ્રીને જાણ કરવામાં આવશે.

(૨૦) જે વિદ્યાર્થી/વિદ્યાર્થીની બીજા સત્રમાં હૉસ્ટેલમાં રહેવાની ઇચ્છા ધરાવતા ન હોય તો તેણે વૉર્ડનશ્રીને પ્રથમ સત્રના અંત સુધીમાં જાણ કરવાની રહેશે. અન્યથા તેણે દરરોજના ચાર્જ મુજબ પૈસા ચૂકવવાના રહેશે.

(૨૧) વિદ્યાર્થી/વિદ્યાર્થીનીના ખરાબ વર્તન અથવા રૂમના ખોટા ઉપયોગ બદલ વૉર્ડનશ્રી ગમે ત્યારે રૂમ બંધ કરી શકશે.

(૨૨) બહારના માણસોને હૉસ્ટેલમાં પરિસરમાં રાત્રે ૮-૦૦ વાગ્યાથી સવારના ૮-૦૦ સુધી પ્રવેશ પર સખત મનાઈ છે.

(૨૩) હૉસ્ટેલના નિયમ તથા વખતોવખત બદલાતા નિયમો તથા શિસ્તના નિયમોની બધી જ સત્તા ચીફ વૉર્ડનશ્રીની હસ્તક રહેશે.

(૨૪) દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થિનીએ હરકોઇ સમય ઓળખપત્ર પોતાની પાસે રાખવું ફરજિયાત છે.

(૨૫) દરરોજ રાત્રે વૉર્ડનશ્રી દ્વારા દરેક વિદ્યાર્થીની હાજરી પૂરવામાં આવશે તે સમયે તે વિદ્યાર્થી ગેરહાજર રહેશે તો તાત્કાલિક તેના રૂમને તાળું મારવામાં આવશે. એક રૂપિયો મોડા પડવાનો દંડ લીધા પછી જ તાળું ખોલીને પાછો રૂમ ખોલી આપવામાં આવશે. જો વિદ્યાર્થી સતત બીજા દિવસ સુધી જાણ કર્યા વગર ગેરહાજર રહેશે તો બે દિવસનો કુલ ચાર્જ રૂ. ૫/ દંડ પેટે વસૂલ કરવામાં આવશે. જો વિદ્યાર્થી સતત એક અઠવાડિયું જાણ કર્યા વગર ગેરહાજર રહેશે તો રૂ. ૫૦/ દંડ પેટે વસૂલ કરવામાં આવશે. આના કરતાં વધારે દિવસ માટે જાણ કર્યા વગર ગેરહાજર રહેશે તો પ્રવેશ રદ ગણાશે. અને નવેસરથી પ્રવેશની સંપૂર્ણ કામગીરી કરવાની રહેશે.

**નોંધ :** નવા નિયમો ઉમેરવા અને નિયમોમાં સુધારા-વધારા કરવાની સંપૂર્ણ સત્તા ચીફ વૉર્ડનશ્રીની રહેશે.

ઉપરોક્ત નિયમો મેં સારી રીતે અને સમજીને વાંચ્યા છે તથા તનું પાલન કરવાની હું બાંહેધરી આપું છું.

...........,,,.............................................

વિદ્યાર્થી/વિદ્યાર્થિનીની સહી

તારીખ : .....................................

નામ : ........................,,,,,,,....................

સ્થળ : ........................................